Sandesh (Suppl.: Citylife)

EDII

August 4, 2024
Pg. 8

# ૩૧ દેશોની ૫૭ મહિલાઓએ EDIIમાં આંત્રપ્રિન્યોરશિપની તાલીમ મેળવી

## ગ્લોબલ એમ્પાવરમેન્ટને કેન્દ્રમાં રાખી EDII કેમ્પસ ખાતે ૧૪ ઓગસ્ટ સુધી કાર્યક્રમ યોજાશે



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII) ભારત સરકારના વિદેશ મંત્રાલયના ITEC વિભાગ દ્વારા 'આંત્રપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ થ્રુ એમ્પાવરિંગ વુમન' ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૩૧ વિકાસશીલ દેશોમાંથી ૫૭ મહિલા વ્યાવસાયિકોએ ભાગ લઈને EDIIના એક્સ્પર્ટ પાસેથી આંત્રપ્રિન્યોરશિપના લેશન શીખ્યા હતાં. આ કાર્યક્રમ આ મહિલા સહભાગીઓને તેમની ઉદ્યોગસાહસિક ક્ષમતાઓને વિકસાવવા અને વધારવા માટે નવા સાધનો, તકનીકો અને પદ્ધતિઓથી સજ્જ કરશે. આ કાર્યક્રમ ૧ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ શરૂ થયો હતો અને ૧૪ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થશે.